# આંક-૫ લગત હુકમ

(૧). આ કામે વાદી તરફે તેમના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલી હાલની આંક-૦૫ વાળી અરજી વંચાણે લીધી તેમજ વાદીના વિ.વ.શ્રીને સાભળ્યાં. પ્રતિવાદીઓના વિ.વ.શ્રીને સાભળ્યાં તેમજ કેસ રેકર્ડ વંચાણે લેવામાં આવેલ છે.

(૨). આ કામે હાલની અરજી લગત હુકમ કરતાં પેહલાં આ કામે વાદી પક્ષે રજુ કરેલ દાવા અરજીની હકીકત જણાવવી ખુબજ જરૂરી છે. વાદીની દાવા અરજીની ટુકમાં હકીકત એવી છે કે, વાદી દાવા અરજીમાં જણાવ્યા મુજબ સરનામે પરિવાર સાથે રહે છે.વાદી જે જગ્યાએ મકાન બનાવીને રહે છે તે મકાનને અડીને આ કામના પ્રતિવાદી નંબર- ૧ તથા ૨ ના વહીવટ હેઠળની ચર્ચની જમીન આવેલ છે જે જમીન મોજે ગામ જીટોડીયા, તા.જી.આણંદના સીમ સર્વે/બ્લોક નંબર-૨૪૪/૧ (૫૩૬૧ -૦૦ ચો.મી.) તથા સીમ સર્વે નંબર-૨૪૪/૨ (૫૪૬૪-૦૦ ચો.મી.) જમીનના મૂળ માલીક ફાધર મેન્ડોસા એસ.જે.કેથોલીક ચર્ચ આણંદનાઓની આવેલી છે. સદરહું જમીનના કુલ ક્ષેત્રફળ પૈકીની ૧-એકર (૪૦૪૦-૦૦ ચો.મી.) જમીનમાં ખ્રિસ્તી કુટુંબોના કબ્રસ્તાન માટેના ઉપયોગ કરવા માટે જે તે સમયના વહીવટ કર્તા ફાધર થોમસ વી.કે જેઓ સો ટ્રસ્ટના વહીવટ કર્તા હોય તેઓએ તા. ૧૧/૦૭/૨૦૧૩ના રોજ કબ્રસ્તાન સારૂ બીન ખેતી માટે અરજી કરેલ હતી અને તે અરજી બાબતે વાદીને તથા અન્ય જણાઓને જાણ થતાં આણંદના મે.કલેકટર શ્રી સાહબને વાંધા અરજી આપેલ હતી. સદર અરજી વાંધેદારોએ અનુક્રમે તા. ૨૯/૧ ૦/૨૦૧૩ તથા તા. ૦૯/૦૧/૨૦૧૫ ના રોજ આપેલ છે.ગ્રમ પંચાયતનાઓએ ગેર કાયદેસર રીતે ઠરાવ કરી આપેલ અને સરકાર શ્રીની અન્ય કચેરીઓએ પણ સ્થળપ્રત પર આવી કોઈ પણ જાતના નિરીક્ષણો કે પંચનામાઓ કર્યા સિવાય તેમજ અન્ય આજુબાજુના રહીશોના નીવેદનો લીધા સિવાય અભિપ્રાય આપેલો છે અને આ તમામ અભિપ્રાયો બાદ મહે. કલેકટર સાહેબે અરજી દફતરે કરવાનો હુકમ કરેલ છે. પરતું તા.૧૯/૦૩/૨૦૧૫ કબ્રસ્તાન ની બીન ખેતીની અરજી બાબતે શું કાર્યવાહી થઈ તે બાબતે આ કામના પ્રતિવાદી ચર્ચના જે તે સમયના વહીવટ કર્તા ફા.થોમસ નાઓએ અરજી કરેલ હતી. ત્યારબાદ મેહ. કલેકટર સાહેબે બીનખેતીની પરવાનગી ગેરકાયદેસર રીતે આપી દીધેલી અને તે હુકમની સામે વાદીએ મેહ. સચિવ સમક્ષ અરજી નંબર-બખપ/આણંદ/૧૫/૧ ૬ ની અપીલ દાખલ કરેલ હતી અને તે અપીલ ચાલી જતાં મહે. સચીવ શ્રી એ તા. ૨૮/૧૨/૨૦૧ ૬ ના રોજ વાદીની અપીલ મંજુર કરતો હુકમ કરેલો અને મેહ.કલેકટર સાહેબ આણંદનાઓએ કરેલ હુકમ રદ્દ કરેલ હતો અને જેની જાણ આ કામના તમામ પ્રતિવાદીઓને વાદીએ કરેલ હતી. તેમજ આ હુકમની નકલ આ કામના પ્રતિવાદીઓને મળી ગયેલ હતો. આ કામના વાદીએ ગુજરાત સમાચાર દૈનિક ન્યુઝ પેપરમાં જાહેર જનતા જોગ આ કામના પ્રતિવાદીઓ તથા કેથોલીક ધર્મજનોને જાણ

સારૂ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરેલ અને તે નોટીસમાં વાદીએ મેહ.કલેકટર શ્રી આણંદનાઓનો હુકમ રદૃ થયેલ અને કોઈપણ મૃતદેહની દફનવીધી દાવાવાળી મીલકતમાં કરવી નહી કે કરાવવી નહી તે નોટીસના સંદર્ભમાં ચર્ચમાં તા.૨૨/૦૧ /૨૦૧ ૭ના રોજ આ કામના પ્રતિવાદી નંબર–૧ તથા ૨ નાઓએ કેથલીક ચર્ચમાં વિધિ બાદ જાહેરાત કરેલ કે '' પેપરમાં આવેલી જાહેર નોટીસ ખોટી છે અને આપણે કેસ જીતી ગયેલા છીએ અને દાવાવાળી જમીન આપણા કબ્રસ્તાન માટે છે અને કોઈનું મૃત્યુ થાય તો દફનવીધી આજ જમીનમાં કરવામાં આવશે આપણે કેસ જીતી ગયેલા હોઈ આપણને કોઈ રોકી શકે તેમ નથી. '' તેમ જાહેરાત કરી આમાના પ્રતિવાદી નંબર–૪ નાઓએ એક હોદ્દેદાર તથા કોન્ટ્રાકટરને ઉભા કરી તેમના સમર્થનમાં ચર્ચમાં ગેરકાયદેસરની ખોટી જાહેરાતો કરાવેલ હોઈ અને મૃતદેહની દફન વિધિ બળજબરથી ઉપરોકત ખેતીની જમીનમાં કરાવવા સારૂ જાહેરાતોથી ધણાંજ ફોજદારી કેસો ઉભા થવાની શકયતાઓ નકારી શકાય તેમ ન હોય અને ઉપરોકત સરવે નંબરમાં મૃતદેહની દફનવિધિ ગેરકાયદેસરની કરવામાં આવે તેમ હોય હાલનો દાવો કરવાની વાદીને ફરજ પડેલ હોઈ અને દાવા સાથે મનાઈ હુકમ માંગવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે.

(૩). ત્યારબાદ આ કામના પ્રતિવાદીઓને દાવા સમન્સ તથા મનાઈ હુકમની અરજીની નોટીસ તા. ૦૬/૦૪/૨૦૧૭ના રોજની નિકાળવામાં આવેલ હતી જે નોટીસ આ કામના પ્રતિવાદીઓને ૨૦/૦૩/૨૦૧૭ના રોજ ધારાસર બજીને પરત આવેલ હતી. ત્યારબાદ મુદત તારીખે આ કામના વાદી તેમના વિ.વ.શ્રી હાજર રહેલ હતા. આ કામના પ્રતિવાદીઓને દાવા સમન્સ તથા મનાઈ હુકમની અરજી નોટીસ ધારાસર બજી ગયેલ હોવા છતાં પ્રતિવાદીઓ કે તેમના વતી કોઈ પ્રતિનિધિ હાજર રહેલ ન હતાં તેમ છતાં ના.અદાલત દ્વારા રીષેશ સમય બાદ પણ પ્રતિવાદી અને પ્રતિવાદીના પ્રતિનિધિની રાહ જોવામાં આવેલ તેમ છતાં પ્રતિવાદી કે તેમના કોઈ પ્રતિનિધિ હાજર ન રેહતાં પ્રતિવાદીઓ વિરૂધ્ધ દાવની કાર્યવાહી એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ અને વાદીની મનાઈ હુકમ માંગતી આંક–૫ ની અરજી અશત: મંજુર કરતાં દાવાના આખરી નિકાલ ન થાય ત્યાં સુધી દાવાવાળી જમીનની યથાવત પરિસ્થિતિ વાદી તથા પ્રતિવાદીઓએ જાળવી રાખવાનો હુકમ તા. ૦૬/૦૪/૨૦૧૭ના રોજ કરવામાં આવેલ હતો.

(૪). ત્યારબાદ પ્રતિવાદી પક્ષે તા.૨૪/૦૪/૨૦૧૭ના રોજ કામ બોર્ડ પર લેવાની અરજી રજુ કરેલ હતી જે ના.અદાલત દ્વારા મંજુર કરવામાં આવેલ હતી અને ત્યારબાદ પ્રતિવાદી પક્ષે આંક–૧૧ વાળી રજુ કરેલ હતી જે ના.અદાલત દ્વારા મંજુર કરવામાં આવેલ હતી. ત્યારબાદ હાલની આંક–૫ની અરજી સાંભળવા પર રાખવામાં આવેલ હતી.

(૫). પક્ષકારોએ આ કામે નીચે મુજબના પુરાવા રજુ કરેલા છે.

**<u>વાદી તરફે રજુ દસ્તાવેજી પુરાવા :-</u>**

| અનુનં. | માર્ક | વિ ગ ત |
|---|---|---|
| (૧). | ૩/૧ | બલોક/સર્વ નંબર-૨૪૪/૧ ની ૭ અને ૧૨ની નકલ. |
| (૨). | ૩/૨ | બલોક/સર્વ નંબર-૨૪૪/૨ ની ૭ અને ૧૨ની નકલ. |
| (૩). | ૩/૩ | મહે.કલેકટર શ્રી આણંદનાએ અરજી દફતરે કરવા બાબતે લખેલ પત્રની ઝેરોક્ષ. |
| (૪). | ૩/૪ | મહે.કલેકટર શ્રી આણંદનાએ કરેલ હુકમની ઝેરોક્ષ નકલ. |
| (૫) | ૩/૫ | મહે.મહેસુલ વિભાગ(વિવાદ) ગુજરાત સરકારના મહે. સચિવ સાહેબના હુકમની ઝેરોક્ષ નકલ. |
| (૬). | ૩/૬ | વાદીના વકીલ શ્રીએ આપેલ જાહેર નોટીસની ઝેરોક્ષ નકલ. |
| (૭). | ૩/૭ | મે.જીલ્લા પો.અ.શ્રી આણંદને કરેલ અરજીની ઝેરોક્ષ નકલ. |
| (૮). | ૩/૮ | વાદીના લાઈટ બીલની ઝેરોક્ષ નકલ. |
| (૯). | ૧૬/૧ | આ કામના સામાવાળા નંબર-૧નાએ ખ્રિસ્તી કુટુંબો માટે કબ્રસ્તાન માટે ઉપયોગ કરવાની મંજુરી બાબતની અરજી. |
| (૧૦). | ૧૬/૨ | મોજે જીટોડીયા તા. આણંદના સીમ નંબર-૨૪૪/૧(જુ.શ) ગામ નમૂના નંબર- ૭ની નકલ. |
| (૧૧). | ૧૬/૩ | મોજે જીટોડીયા તા. આણંદના સીમ નંબર-૨૪૪/૨(જુ.શ) ગામ નમૂના નંબર- ૭ની નકલ. |
| (૧૨). | ૧૬/૪ | ખાતા નંબર-૩૩૪ની ગામ નમૂના નંબર-૮-અ ની નકલ. |
| (૧૩). | ૧૬/૫ | મોજે ગામ જીટોડીયાના સીમાડાના નકશાની નકલ. |
| (૧૪). | ૧૬/૬ | મે.કલેકટર શ્રી આણંદનાઓએ મામલતદાર(ગ્રામ્ય) ને લખેલ પત્ર ની નકલ. |
| (૧૫). | ૧૬/૭ | મામલતદાર શ્રી આણંદનાઓએ ત.ક.મત્રી શ્રી જીટોડીયાને રવાના કરેલ પત્રની નકલ. |
| (૧૬). | ૧૬/૮ | જાવક નંબર:-૪૬/૧૩ થી ત.ક.મત્રી,જીટોડીયાએ લખેલ પત્રની નકલ. |
| (૧૭). | ૧૬/૯ | જા.નં.૭૮૮ થી સર્કલ ઓફીસરનાએ કરેલ રીપોર્ટની નકલ. |
| (૧૮). | ૧૬/૧૦ | જા.નં.૯૯૫ થી મામલતદાર શ્રી ને પરત કરેલ રીપોર્ટની નકલ. |
| (૧૯). | ૧૬/૧૧ | તલાટી કમ મંત્રીએ કરેલ ફા.થોમાસનો રૂબરૂનો જવાબ. |
| (૨૦). | ૧૬/૧૨ | તલાટી કમ મંત્રીએ કરેલ પંચનામાની નકલ. |
| (૨૧). | ૧૬/૧૩ | મામલતદાર શ્રી આણંદનાએ નાયબ કલેકટર શ્રીને લખેલ પત્રની નકલ. |

| | | |
|---|---|---|
| (૨૨). | ૧૬/૧૪ | નાયબ કલેકટર શ્રી આણંદનાએ કલેકટર શ્રી ને લખેલ પત્રની નકલ. |
| (૨૩). | ૧૬/૧૫ | મામલતદાર શ્રી આણંદનાએ કરેલ ત.ક.મંત્રી તરફ કરેલ શેરો. |
| (૨૪). | ૧૬/૧૬ | શ્રી જગદીશભાઈ મણીભાઈ પટેલની તથા અન્ય રહીશોએ કરેલ વાધાં અરજીની નકલ. |
| (૨૫). | ૧૬/૧૭ | શ્રી જગદીશભાઈ મણીભાઈ પટેલ તથા અન્ય રહીશોએ તલાકુ વિકાસ અધિકારી શ્રી આણંદનાઓને આપેલ વાધાં અરજીની નકલ. |
| (૨૬). | ૧૬/૧૮ | તલાટી કમ મંત્રીશ્રીએ મામલતદાર શ્રી ને કરેલ રીપોર્ટની નકલ. |
| (૨૭). | ૧૬/૧૯ | મામલતદાર શ્રી ને કરેલ તા. ૪/૧૦/૧૩નું સાંધણ. |
| (૨૮). | ૧૬/૨૦ | સંયુકત જવાબ |
| (૨૯). | ૧૬/૨૧ | મોજે જીટોડીયાની ગ્રામ પંચાયતના સામાન્ય સભામાં કરેલ ઠરાવની નકલ. |
| (૩૦). | ૧૬/૨૨ | તાલુકા વિકાસ અધિકારી શ્રી આણંદનાએ મામલતદાર શ્રી ને લખેલ પત્રની નકલ. |
| (૩૧). | ૧૬/૨૩ | મામલતદાર શ્રી આણંદે સર્કલ ઓફીસરને કરેલ શેરાનો પત્ર. |
| (૩૨). | ૧૬/૨૪ | મામલતદાર શ્રી આણંદનાએ નાયબ કલેકટર શ્રી ને લખેલ પત્રની નકલ. |
| (૩૩). | ૧૬/૨૫ | નાયબ કલેકટર શ્રી આણંદનાએ મહે. કલેકટર શ્રી આણંદને લખેલ પત્રની નકલ. |
| (૩૪). | ૧૬/૨૬ | મે.કલેકટર શ્રી આણંદનાએ મામલતદાર શ્રી આણંદને લખેલ પત્રની નકલ. |
| (૩૫). | ૧૬/૨૭ | મે.કલેકટર શ્રી આણંદનાએ જીલ્લા પોલીસ અધિક્ષક તથા જીલ્લા આરોગ્ય અધિકારી શ્રીને લખેલ પત્ર. |
| (૩૬). | ૧૬/૨૮ | મામલતદાર શ્રી આણંદને ફા.થોમાસ વી.નાએ આપેલ અરજીની નકલ. |
| (૩૭). | ૧૬/૨૯ | ફા.થોમાસ વી. નાએ કરેલ મુદત અરજીની નકલ. |
| (૩૮). | ૧૬/૩૦ | ફા.થોમાસ વી. નાએ મામલતદાર શ્રી આણંદને કરેલ અરજીની નકલ. |
| (૩૯). | ૧૬/૩૧ | રમેશભાઈ મંગળદાસ પરમાર વિગેરેએ આપેલ વાંધા અરજીની નકલ. |
| (૪૦). | ૧૬/૩૨ | શ્રી જગદીશભાઈએ આપેલ જવાબની નકલ. |
| (૪૧). | ૧૬/૩૩ | ફા.થોમાસ વી.નાએ મામલતદાર આણંદને કરેલ અરજીની નકલ. |

| | | |
|---|---|---|
| (૪૨). | ૧૬/૩૪ | મામલતદાર શ્રી આણંદનાએ સ.ઓ.ને કરેલ શેરાની નકલ. |
| (૪૩). | ૧૬/૩૫ | મામલતદાર શ્રી આણંદને લખેલ પત્રની નકલ. |
| (૪૪). | ૧૬/૩૬ | સ.ઓ.એ મામલતદાર શ્રી ગ્રામ્યને કરેલ રીપોર્ટની નકલ. |
| (૪૫). | ૧૬/૩૭ | સ.ઓ.નાએ કરેલ પંચનામાની નકલ. |
| (૪૬). | ૧૬/૩૮ | મે.કલેકટર શ્રી આણંદનાએ મામલતદાર શ્રી ને લખેલ પત્રની નકલ. |
| (૪૭). | ૧૬/૩૯ | શ્રી મનીષભાઈ વકીલનાએ આપેલ નોટીસની નકલ. |
| (૪૮). | ૧૬/૪૦ | પોલીસ અધિક્ષક શ્રી એ જીલ્લા કલેકટરને લખેલ પત્રની નકલ. |
| (૪૯). | ૧૬/૪૧ | પોલીસે લીધેલા ફાધરના નિવેદનની નકલ. |
| (૫૦). | ૧૬/૪૨ | પોલીસે લીધેલા જય પ્રકાશ સરપંચ શ્રીનું નિવેદન. |
| (૫૧). | ૧૬/૪૩ | મે.કલેકટર શ્રી આણંદનાએ મામલતદાર શ્રીને લખેલ પત્રની નકલ. |
| (૫૨). | ૧૬/૪૪ | મામલતદાર શ્રી આણંદનાએ મે. નાયબ કલે. શ્રી આણંદને લખેલ પત્રની નકલ. |
| (૫૩). | ૧૬/૪૫ | નાયબ કલેકટર શ્રી આણંદનાએ મે.કલેકટર શ્રી આણંદને લખેલ પત્રની નકલ. |
| (૫૪). | ૧૬/૪૬ | મે. કલેકટર શ્રી આણંદનાએ ફા.થોમાસ વી.ને અરજી દફતરે કરેલ છે તે બાબતના આદેશની નકલ. |
| (૫૫). | ૧૬/૪૭ | ફા.થોમાસ વી.નાએ કલેકટર શ્રી આણંદને લખેલ પત્રની નકલ. |
| (૫૬). | ૧૬/૪૮ | મે.કલેકટર શ્રી આણંદનાએ ફા.થોમાસ વી. ને લખેલ પત્રની નકલ. |
| (૫૭). | ૧૬/૪૯ | શ્રી નવનીતલાલ કાછીયા વિગેરે ને મે. કલેકટર શ્રી એ લખેલ પત્રની નકલ. |
| (૫૮). | ૧૬/૫૦ | શ્રી જગદીશભાલ મણીભાઈ પટેલને મે. કલેકટર શ્રીએ લખેલ પત્રની નકલ. |
| (૫૯). | ૧૬/૫૧ | ત.ક.મંત્રી જીટોડીયાના દાખલાની નકલ. |
| (૬૦). | ૧૬/૫૨ | ચલનની નકલ. |
| (૬૧). | ૧૬/૫૩ | ચલનની નકલ. |
| (૬૨). | ૧૬/૫૪ | મહેસુલની પાવતી. |
| (૬૩). | ૧૬/૫૫ | ફાધરનો પત્ર. |
| (૬૪). | ૧૬/૫૬ | મે.કલેકટર શ્રી આણંદનાએ તીજોરી અધિકારીને લખેલ પત્રની નકલ. |
| (૬૫). | ૧૬/૫૭ | તીજોરી અધિકારી આણંદનાએ મે. કલેટર શ્રી ને લખેલ પત્રની |

નકલ.

| | | |
|---|---|---|
| (૬૬). | ૧૬/૫૮ | મે.કલેકટર શ્રી આણંદનાએ ખ્રિસ્ત્રી કબ્રસ્તાનના ઉપયોગ સારૂ કરેલ હુકમની નકલ. |
| (૬૭). | ૧૬/૫૯ | મે. કલેકટર શ્રી આણંદનાએ ફાધર થોમાસ વી.ને કરેલ આદેશની નકલ. |
| (૬૮). | ૧૬/૬૦ | સર્વે નંબર:-૯૮/૧/અ ની ફેરફાર નોંધ નંબર-૫૩૨૭ ની અસલ નકલ. |
| (૬૯). | ૧૬/૬૧ | અમો અરજદારના વકીલ શ્રીએ માગેલ માહીતી અધિકાર મુજબ સવાળવાળી જમીન બાબતનો મે. કલેકટર શ્રીનો પત્ર. |
| (૭૦). | ૧૬/૬૨ | મે.કલેકટર શ્રી આણંદનાએ ફી. બાબતે લખેલ પત્ર. |

**<u>પ્રતિવાદી તરફે રજુ દસ્તાવેજી પુરાવા :-</u>**

| **અનુનં.** | **માર્ક** | **વિ ગ ત** |
|---|---|---|
| (૧). | ૧૩/૧ | જીટોડીયાના બ્લોક સર્વે નંબર:- ૨૪૪/૧ ની ૭/૧૨ની નકલ. |
| (૨). | ૧૩/૨ | જીટોડીયાના બ્લોક સર્વે નંબર:- ૨૪૪/૨ ની ૭/૧૨ની નકલ. |
| (૩). | ૧૩/૩ | જીટોડીયાના ખાતા નંબર-૩૩૪ ની ૮અ ની નકલ. |
| (૪). | ૧૩/૪ | કેથોલીક ચર્ચ ધ્વારા કલેકટર શ્રી આણંદને લખેલ પત્ર. |
| (૫). | ૧૩/૫ | કેથોલીક ચર્ચ ધ્વારા મામલતદાર શ્રી ગ્રામ્ય આણંદને લખેલ પત્ર. |
| (૬). | ૧૩/૬ | કેથોલીક ચર્ચ ધ્વારા કલેકટર શ્રી આણંદને લખેલ પત્ર. |
| (૭). | ૧૩/૭ | જીલ્લા કલેકટર શ્રી આણંદના હુકમની નકલ. |
| (૮). | ૧૩/૮ | મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી શ્રી આણંદનાએ કલેકટર શ્રી ને લખેલ પત્ર. |
| (૯). | ૧૩/૯ | સચીવ શ્રી મહેસુલ વિભાગ (વિવાદ) અમદાવાદ સમક્ષ વાદીએ કરેલ મનાઈ અરજી તથા તેના પર થયેલ હુકમની નકલ. |
| (૧૦). | ૧૩/૧૦ | હાઈકોર્ટનો ઓરલ ઓર્ડર. |
| (૧૧). | ૧૩/૧૧ | હાઈકોર્ટમાં કરેલ પીટીશનની નકલ. |
| (૧૨). | ૧૩/૧૨ | આણંદના મે.બીજા એડી.સીનીયર સિવિલ જજ સાહેબ સમક્ષ વાદીએ કરેલ મનાઈ અરજી તથા તેના પર થયેલ હુકમની નકલ. |
| (૧૩). | ૧૩/૧૩ | આણંદના મે. ડિસ્ટ્રીકટ જજ સાહેબ શ્રી ની કોર્ટ સમક્ષ કરેલ અપિલની નકલ. |
| (૧૪). | ૧૩/૧૪ | ગ્રામ પંચાયત જીટોડીયાએ કરેલ ઠરાવની નકલ. |

(૫).	આ કામે વાદીપક્ષ તથા પ્રતિવાદીપક્ષના વિ.વ.શ્રીઓની દલીલો સાભળવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

(અ).	આ કામે વાદી પક્ષે પોતાની હાલની આંક–૫ની મનાઈ હુકમ મેળવવાની અરજીના સમર્થનમાં આંક– ૧૭થી લેખિત દલીલો રજુ કરેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે. વાદીપક્ષની મહત્વની દલીલ એવી છે કે, મોજે ગામ જીટોડીયાના, જી.આણંદના સીમ સર્વે/બ્લોક નંબર:–૨૪૪/૧ તથા ૨૪૪/૨ જમીનના મુળ માલીક ફાધર મેન્ડોસા એસ.જે.કેથોલીક ચર્ચ આણંદનાઓની આવેલી છે. આ જમીનના કુલ ક્ષેત્રફળ પૈકીની ૧ એકર(૪૦૪૦.૦૦ ચો.મી.) જમીનમાં ખ્રિસ્તી કુટુંબોના કબ્રસ્તાન માટેના ઉપયોગ કરવા માટે જે તે સમયના વહીવટકર્તા ફાધર થોમાસ વી. કે જેઓ સોલ ટ્રસ્ટના વહીવટકર્તા હોય તેઓએ તા.૧૧/૦૭/૨૦૧૩ના રોજ કબ્રસ્તાન સારૂ બીન ખેતી માટે અરજી કરેલ હતી.આ અરજી બાબતે વાદીને તથા અન્યોને જાણ થતાં આણંદના મે.કલેકટર શ્રી સાહેબને વાંધા અરજી આપેલ હતી. સદર અરજી વાંધેદારોએ અનુક્રમે તા. ૨૯/૧૧/૨૦૧૩ તથા ૦૯/૦૧/૨૦૧૫ના રોજ આપેલ હતી. વધુમાં દલીલ કરતાં જણાવે છે કે, આ કામે સરકાર શ્રી ની કોઈ કચેરીઓએ સ્થળપર આવી પંચનામાં કરેલ નથી કે આજુબાજુમાં રહેતાં લોકોના નિવેદન પણ લેવામાં આવેલ નથી. આ કામે મે. કલેકટર સાહેબ શ્રી કબ્રસ્તાન બનાવવું યોગ્ય નથી તેમ જણાવી તા. ૧૧/૦૭/૨૦૧૩ના રોજની માંગણીની અરજી દફતરે કરી દીધેલ છે. પરતું તા. ૧૯/૩/૨૦૧૫ના રોજ કબ્રસ્તાન ની બીન ખેતીની અરજી બાબતે શું કાર્યવાહી થઈ તે બાબતે આ કામના પ્રતિવાદી ચર્ચના જે તે સમયના વહીવટકર્તા ફા.થોમાસ નાઓએ અરજી કરેલ હતી. ત્યારબાદ મે.કલેકટર સાહેબે બીન ખેતીની પરવાનગી ગેરકાયદેસર રીતે આપી દીધેલી અને તે હુકમની સામે વાદીએ તથા અન્યોએ અમદાવાદના મે.સચિવ સાહેબ સમક્ષ બખપ/આણંદ/૧૫/૧૬ ની અપીલ ફાઈલ કરેલ અને તે અપીલ ચાલી જતાં મે.સચિવ સાહેબે તા. ૨૮/૧૨/૨૦૧૬ના રોજ વાદીની અપીલ મંજુર કરતો હુકમ કરેલો અને મે.કલેકટર સાહેબ આણંદનાઓએ કરેલ હુકમ રદ્દ કરેલ અને જે હુકમની જાણ આ કામના પ્રતિવાદીઓને વાદી કરેલ હતી. વાદીએ જાહેર જનતા જોગ તથા આ કામના પ્રતિવાદીઓ તથા કેથોલીક ધર્મજનોને જાણ સારૂ ગુજરાત સમાચાર દૈનિક ન્યુઝ પેપરમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરેલ અને તે નોટીસમાં ઉપર જણાવેલી હકીકત જણાવેલી હતી તેમ છતાં આ કામના પ્રતિવાદીઓએ તા. ૨૨/૦૧/૨૦૧૭ રોજ કેથોલીક ચર્ચમાં માસ વિધિ બાદ જાહેરાત કરેલ કે '' પેપરમાં આવેલી જાહેર નોટીસ ખોટી છે આપણે કેસ જીતી ગયેલા છીએ અને આ જમીન આપણા કબ્રસ્તાન માટે છે અને કોઈપણ નું મૃત્યું થાય તો દફનવિધિ આજ જમીનમાં કરવામાં આવશે અને આપણે કેસ જીતી ગયેલા છીએ આપણને કોઈ રોકી શકે તેમ નથી અને કોઈની તાકાત પણ આપણને દફનવીધી કરવાથી રોકી શકે તેમ નથી અને તેવી ખોટી જાહેરાતો વાંચશો નહી.'' તેમ જાહેરાત કરી પ્રતિવાદી નંબર–૩ અને ૪ નાએ તથા એક અન્ય ઈસમે આ વાતનું સમર્થન કરી ગેરકાયદેસરની ખોટી જાહેરાતો કરાવેલ હોઈ અને ગેરમાર્ગે દોરવાની તથા ઉશ્કેરણી

કરેલ હોઈ અને મૃતદેહની દફનવિધિ બળજબરીથી ઉપરોકત ખેતીની જમીનમાં કરાવવા સારૂ જાહેરાતો કરેલ હોય અને તે જાહેરાતોથી ઘણાં ફોજદારી કેસો ઉભા થવાની શકયતાઓ નકારી શકાય તેમ ન હોય અને ઉપરોકત સરવે નંબરમાં મૃતદેહની દફનવિધિ ગેરકાયદેસરની કરવામાં આવે તેમ હોય હાલનો આ દાવો દાખલ કરેલ અને મનાઈ હુકમ મેળવવાની અરજી રજુ કરેલ છે. વાદી પક્ષે હાલની અરજી ના સમર્થનમાં લેખિત દલીલો રજુ કરેલ છે જે આંક–૧૭થી કામમાં સામેલ રાખેલ છે તેમજ આ આંક–૧૭ની લેખિત દલીલો પેહલા આંક–૧૫થી દસ્તાવેજો રજુ કરવાની પરવાનગી અરજી કરેલ હતી જે ના. અદાલત દ્વારા મંજુર કરવામાં આવેલ હતી અને આંક–૧૬થી દસ્તાવેજી આધાર લીસ્ટ આધારો સાથે રજુ કરેલ હતો જે આધારો નિશાની ૧૬/૧ થી ૧૬/૬૨ થી કામમાં સામેલ રાખેલ છે. આ દસ્તાવેજો વાદીપક્ષે દાવા અરજી સાથે ના. અદાલતમાં રજુ કરેલ ન હતા અને પ્રથમ વખત જ ના. અદાલતમાં આંક–૫ની લેખિત દલીલો સાથે વાદીપક્ષે રજુ કરેલ છે. આ કામે વાદીપક્ષે આંક–૧૭થી લેખિત દલીલો તેમજ નિ.૧૬/૧ થી ૧૬/૬૨ વાળા દસ્તાવેજો તથા વાદીપક્ષે દાવા સાથે રજુ કરેલ નિ.૩/૧ થી ૩/૮ વાળા દસ્તાવેજો ધ્યાને લેવામાં આવેલ છે. આ કામે વાદીપક્ષે આંક–૫ની લેખિત દલીલો રજુ કરેલ હોઈ દલીલોનું પુનરાવર્તન ન થાય તે માટે દલીલોની વધુ ચર્ચા કરવામાં આવેલ નથી. આ કામે વાદી પક્ષ જે મહત્વના દસ્તાવેજો પર આધાર રાખે છે તેની દલીલ કરતાં જણાવે છે કે, વાદીપક્ષે નિ.૧૬/૧ થી જે દસ્તાવેજ રજુ કરેલ છે તે આ કામના પ્રતિવાદી નંબર–૧ તથા ૨ નાએ તા. ૧૧/૦૭/૨૦૧૩ના રોજ ખ્રિસ્તી કુટુંબોના કબ્રસ્તાન સારૂ એક અરજી કરેલ તે છે. આ નિશાની ૧૬/૧ જોવામાં આવે તો તેમાં ''બીનખેતીની '' પરવાનગી માગતી હકીકતો જણાવેલી નથી કે આ જમીનમાં કબ્રસ્તાન બનાવવાનું હોય આ જમીનમાં બીનખેતીની પરવાનગી માંગતી અરજી કરેલ નથી. આ કામના પ્રતિવાદી નંબર–૧ તથા ૨નાએ કલેકટર શ્રી આણંદનાઓ પાસે ફકત મંજુરી માંગેલી હતી. દાવાવાળી મીલકતમાં અગાઉ કબ્રસ્તાન હતું નહી અને હાલ પણ નથી. આ કામે નિ.૧૬/૪ થી દાવાવાળી મીલકતના ૮ અ ની નકલ રજુ કરેલ છે અને તેમાં છેલ્લે અન્ય વિગતની કોલમમાં આ જમીન ''ધર્મસ્થાન '' લખેલ છે એટલે આ જમીન ધર્મસ્થાન સારૂ આવેલ છે જેથી ત્યાં કોઈ કબ્રસ્તાન બનાવી શકાય નહી. આ કામે વાદીપક્ષે નિશાની ૧૬/૧૧ થી જવાબ તેમજ પચનામું રજુ કરેલ છે અને જેમાં જે પંચો દર્શાવેલ છે તે સ્વતંત્ર પંચો નથી અને તે જીટોડીયા ગ્રમ પંચાયતના સરપંચ તથા તેમના મળતીયાઓ હતાં અને આ પંચનામું ઓફીસમાં બેસીને તૈયાર કરવામાં આવેલ છે અને આજુબાજુના રહેવાસીઓ તથા સ્વતંત્ર પંચ સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. વધુમાં વાદીપક્ષે નિ.૧૬/૩૭થી સકર્લ ઓફીસર આણંદનાઓએ કરેલ પંચનામાંની નકલ રજુ કરેલ છે અને જેમાં પણ નિ.૧૬/૧૧ વાળા પંચો ના નામ લખેલા છે અને આ પંચનામામાં દાવાવાળી મીલકતમાં કબ્રસ્તાન બનાવવું યોગ્ય નથી તેવું જણાવેલ છે. આ કામે પ્રતિવાદી નંબર–૧ તથા ૨નાઓએ સરકારી કર્મચારીઓ મળી જઈ ખોટા પંચનામાં તથા નિવેદનો લઈ ખોટી હકીકતો ઉભી કરેલ હતી. આ કામે કોઈ વાંધેદારોના નિવેદનો લેવામાં આવેલ નથી તેમજ કોઈ સ્વતંત્ર પંચોની હાજરીમાં પંચનામું કરવામાં આવેલ નથી. વધુમાં વાદીપક્ષ દલીલ કરતાં જણાવે છે કે, નિશાની ૧૬/૨૧ જોવામાં આવે તો તે જીટોડીયા

ગ્રામપંચયતે કરેલ ઠરાવની નકલ છે તે જોવામાં આવે તો તેમાં ઠરાવની તારીખ અને આ કામના પ્રતિવાદી નંબર–૧ તથા રનાએ કલેકટર કચેરીને કરેલ અરજીની તારીખમાં ઘણો જ તફાવત જણાઈ આવેલ છે અને જે ઠરાવ શંકા ઉપજાવે તેવો છે. આ ઠરાવ જોવામાં આવે તો કલેકટર શ્રીએ દાવાવાળી મીલકતની અડધી જમીનમાં બીનખેતીની પરવાનગી આપવી જોઈએ પરતું આ કામે કલેકટર શ્રી આણંદનાઓએ દાવાવાળી મીલકતની બીનખેતીની પરવાનગી આપેલ છે જે કાયદાથી વિરૂધ્ધ છે. આ કામે નિ.૧૬/૨૭થી રજુ કરેલ છે જે એક પત્ર છે જે મે.કલેકટર શ્રી આણંદનાઓએ જીલ્લા પોલીસ અધિક્ષક તથા જીલ્લા આરોગ્ય અધિકારીને લખેલ છે અને આ બન્ને પાસેથી તેઓના અભિપ્રાય માંગવામાં આવેલ હતાં. આ કામે જીલ્લા આરોગ્ય અધિકારીનો કોઈ અભિપ્રાય રજુ કરવામાં આવેલ નથી અને પાછળથી આરોગ્ય શાખા સાથે મીલીભગત કરી અભિપ્રાય મેળવી રજુ કરવામાં આવેલ છે અને આ અભિપ્રાય જોવામાં આવે તો તેમાં સુધારા વધારા કરવામાં આવેલ છે અને જે ઉપરથી આ અભિપ્રાય શંકા ઉપજાવે તેવો છે. વધુમાં વાદીપક્ષ દલીલ કરતાં જણાવે છે કે, આ કામે નિ.૧૬/૪૪ જોવામાં આવે તો મામલતદાર શ્રી આણંદ(ગ્રામ્ય) નો તા. ૨૪/૦૨/૨૦૧૫નો પત્ર છે જેમાં તેઓએ જણાવેલ છે કે, દાવાવાળી મીલકતના રેવન્યુ રેકર્ડમાં હાલ કેથોલીક ચર્ચ આણંદના ફા.મેન્ડોસા એસ.જે. ના નામે ચાલે છે. આ બાબતે મે. કલેકટર સાહેબને ફાધરે અરજી કરેલ છે. આ કામે દાવાવાળી જમીનનું પંચકયાસ પ્રકરણે સામેલ રાખેલ છે જે મુજબ ચાર ખુંટ વચલી જમીનો પર હાલ પ્રત્યક્ષ કબજો ભોગવટો કેથોલીક ખ્રિસ્તી કુટુંબના કબ્રસ્તાન આવેલા છે અને ઈસમોના વાંધાઓ આવેલા છે અને આ જમીનમાં કબ્રસ્તાન બનાવવું યોગ્ય નથી જેથી અરજદારની માંગણી મુજબ પરવાનગી આપવા પાત્ર જણાતી નથી. આમ, મામલતદાર શ્રી આણંદ(ગ્રામ્ય)એ પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે કે, દાવાવાળી મીલકતમાં કબ્રસ્તાન બનાવી શકાય નહી. આ કામે નિ.૧૬/૪૫ જોવામાં આવે તો તે નાયબ કલેકટર શ્રી આણંદનાઓએ કલેકટર શ્રી આણંદનાઓને તા. ૨૪/૦૨/૨૦૧૫ના રોજ લખેલ પત્ર છે અને તેઓએ પણ મામલતદાર શ્રી આણંદ(ગ્રામ્ય)એ કરેલ અભિપ્રાયને સમર્થન આપેલ છે અને દાવાવાળી જમીનમાં કબ્રસ્તાન બનાવી શકાય નહી તેવો અભિપ્રાય આપેલ છે. આ કામે કલેકટર શ્રી આણંદનાઓએ ફાધર થોમાસ વી.નાઓએ પત્ર લખી જાણ કરેલ કે, તેઓની તા. ૧૭/૦૩/૨૦૧૩ વાળી અરજી દફતરે કરવામાં આવેલ છે. વધુમાં દલીલ કરતાં જણાવે છે કે, આ કામ પ્રતિવાદીની એક વખત બિન ખેતીની પરવાનગી માંગતી અરજી દફતરે કરવામાં આવેલ હતી ત્યારબાદ આ અરજી ફરીથી ચાલુ કરવા માટે પ્રતિવાદી પક્ષે કોઈ અરજી કરેલ ન હતી ફકત આ કામના પ્રતિવાદીએ મે.કલેકટર શ્રી આણંદને તેઓએ કરેલ અરજી બાબતે પુછતાં મે.કલેકટર શ્રી આણંદનાઓએ કોઈપણ જાતના હુકમ કર્યા વગર આ કામના પ્રતિવાદીએ તા.૧૭/૦૩/૧૩વાળી અરજી ફરીથી હાથ પર લઈ લીધેલ હતી અને કોઈપણ જાતની કાયદેસરની કાર્યવાહી કર્યા વગર બીનખુેતીનો હુકમ કરી દીધેલ હતો અને જેની સામે વાદીએ મહેસુલ પંચ(વિવાદ),અમદાવાદ ખાતે અપીલ કરતાં તેઓએ વાદીની અરજી મંજુર કરતો હુકમ કરેલ અને કલેકટર શ્રી આણંદનાઓએ કરેલ રદ્દ કરેલ હતો અને ત્યારબાદ આ કામના પ્રતિવાદીએ મહેસુલ પંચે કરેલ હુકમ સામે ના.

ગુજરાત હાઈકોર્ટમાં અપિલ કરેલ છે જે નિકાલ બાકી છે. આ કામે વાદીપક્ષે આંક-૧૭થી જે લેખિત દલીલો રજુ કરેલ છે તેમજ દલીલ સાથે નિ.૧૬/૧ થી ૧૬/૬૨ રજુ કરેલ છે તે ધ્યાને લેવામાં આવે તો વાદીનો પ્રાઈમાફેસી કેસ છે તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં છે તેમજ જો વાદીની તરફેણમાં મનાઈ હુકમ આપવમાં ન આવે તો વાદીને નાણાંમાં ન ભરપાઈ થઈ શકે તેવું નુકશાન જાય તેમ છે. આમ,વાદીની હાલની મનાઈ હુકમ માંગતી આંક-૫ ની અરજી મંજુર કરવા નમ્ર વિનંતી કરેલ છે.

(બ). આ કામે પ્રતિવાદી પક્ષે વાદીની લેખિત દલીલો રજુ કરવામાં આવેલ તે પહેલા આંક-૧૨થી રજુ કરેલ છે જે ધ્યાને લેવામાં આવેલ છે. તેમજ આ કામે પ્રતિવાદી પક્ષે આંક-૧૩ થી દસ્તાવેજી આધાર લીસ્ટ આધારો રજુ કરેલ છે જે ધ્યાને લેવામાં આવેલ છે. આ કામે પ્રતિવાદી પક્ષ તેમની લેખિત દલીલના સમર્થનમાં દલીલ કરતાં જણાવે છે કે, આ કામે વાદીએ ના. અદાલતમાં સત્ય હકીકતો છુપાવીને દાવો કરેલ છે. વાદીએ પોતાની દાવા અરજી માં અનેક હકીકતો છુપાવી છે. આ કામના વાદી જે દાવો ના. અદાલતમાં લાવેલ છે તેજ પ્રકારનો અને તેજ પક્ષકારો અને તેજ વિષય વસ્તુ વાળો દાવો અન્ય અદાલતમાં દાખલ કરેલ છે અને જે નિકાલ બાકી છે. આ કામના વાદીએ દાવામાં મહત્વની હકીકતો છુપાવેલી છે. આ કામના વાદીએ જે મેહ.સચિવ શ્રી અમદાવાદના હુકમની હકીકત જણાવેલી છે તે હુકમ વિરૂધ્ધ આ કામના પ્રતિવાદીઓએ ના.ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સિવિલ એપ્લીકેશન નંબર- ૫૭૮૯/૨૦૧૭ દાખલ કરેલ છે અને જેમાં ના.ગુજરાત હાઈકોર્ટ વચગાળાનો હુકમ કરતાં મેહ.સચિવ શ્રી ના હુકમ પર સ્ટે આપેલ છે અને આ કામના વાદીઓને તા.૨૮/૦૪/૨૦૧૭ના રોજ હાજર રેહવાની નોટીસ કરવાનો હુકમ કરેલ છે અને જે કામે આ કામના વાદી હાજર પણ થઈ ગયેલ છે. આ કામે જે વાદ વાળી જમીન છે તે આ કામના પ્રતિવાદી નંબર-૧ની માલીકીની છે અને તે ખુદ આ કામના વાદી પણ સ્વીકારે છે અને તેના ૭ અને ૧૨ ના ઉતારાની નકલ આ સાથે ૧૩/૧,૨ તથા ૩ થી કામમાં સામેલ છે. જીટોડીયા ગામમાં આશરે ૬૦૦ થી વધુ ખ્રિસ્તી કુટુંબો રહે છે અને આ કુટુંબોમાં કોઈ મૃત્યુ થાય ત્યારે તેમની દફનવિધિ કરવા માટે ઘણુંજ દુર લઈ જવું પડતું હતું અને ખ્રિસ્તી સમાજના લોકો માટે કબ્રસ્તાન બનાવવા માટે પ્રતિવાદી નંબર-૧નાએ તેમની માલીકીની કીમંતી જમીન વીના મુલ્યે ખ્રિસ્તી સમાજના લોકો માટે કબ્રસ્તાન બનાવવા માટે દાવાવાળી મીલકતમાંથી એક એકર જમીન આપવા સમંત થયેલા અને આ બાબતે જીટોડીયા ગ્રામ પંચાયતમાં ઠરાવ પણ કરવામાં આવેલ હતો અને ત્યારબાદ મેહ. જીલ્લા કલેકટર શ્રી સમક્ષ એક એકર જમીન ખ્રિસ્તી કુટુંબોના કબ્રસ્તાન માટે ઉપયોગ કરવા સારૂ બીન ખેતીના ઉપયોગ કરવા પરવાનગી માગવામાં આવેલ હતી જેની નકલ આ કામે નિ.૧૩/૪,૫ તથા ૬ થી સામેલ છે. આ અરજીના કામે જીલ્લા કલેકટર શ્રી આણંદનાએ તમામ લોકોના તેમજ વાદીના વાંધાઓ ધ્યાને લઈ યોગ્ય શરતોને આધિન તા.૧ ૭/૦૭/૨૦૧૫ના રોજ કાયદેસર રીતે પરવાનગી આપવામાં આવેલ હતી જે હુકમ નિ.૧૩/૭ થી આ કામે રજુ છે. આ કામે જીલ્લા આરોગ્ય અધિકારી શ્રી એ તેમનો અભિપ્રાય આપેલ

છે અને તેઓએ તેમના અભિપ્રાયમાં સ્પષ્ટ જણાવેલ છે કે, સદર જમીનમાં નકશમાં દર્શાવ્યા પ્રમાણે માંગણી વાળી જમીનની આજુબાજુ આરોગ્યને હાનીકારક પરીબળો નથી જેથી ઉપરોકત જમીનને ખ્રિસ્તી કુટુંબોના કબ્રસ્તાન હેતું માટે ફાળવવામાં આવે તો આરોગ્યની દૃષ્ટ્રીએ વાંધા સરખું નથી જે અભિપ્રાય આ કામે નિ.૧૩/૮ થીસ રજુ છે. વાદીપક્ષ વધુમાં દલીલ કરતાં જણાવે છે કે વાદીના દાવાને સી.પી.સી. કલમ–૧૦નો સ્પષ્ટ બાધ નડે છે કારણ કે, આ કામના વાદીએ આજ વિષય વસ્તુ તેમજ આજ પક્ષકારો સામેનો દાવો આણંદના બીજા અધિક સિનિયર સિવિલ કોર્ટમાં દાખલ કરેલ છે અને આ હકીકત વાદીએ તેમના દાવા અરજીમાં છુપાવેલી છે તેમજ વાદીની આ દાવામાં માંગેલ આંક–૫ની અરજી નામંજુર કરવામાં આવેલ હતી અને તે હુકમ સામે વાદીએ એપેલેટ ઓથોરીટી સમક્ષ રીવીઝન અરજી પણ દાખલ કરેલ છે તે હકીકત પણ વાદીએ હાલના દાવામાં છુપાવેલ છે. આ કામે પ્રતિવાદીએ મે.કલેકટર શ્રી આણંદનાએ કરેલ હુકમ સામે મહેસુલ પંચ(વિવાદ),અમદાવાદમાં અપીલ કરેલ હતી અને તેમાં મે.કલેકટર શ્રી એ કરેલ હુકમ રદ્દ કરવાનો હુકમ કરવામાં આવેલ હતો અને કેસને ફરીથી સાભળવા માટે મે.કલેકટર શ્રી આણંદને પરત મોકલાવેલ હતો. ત્યારબાદ આ કામના પ્રતિવાદીએ તે હુકમ સામે ના. ગુજરાત હાઈકોર્ટ અપીલ કરતાં તેમાં ના. ગુજરાત હાઈકોર્ટ મહેસુલ પંચ(વિવાદ) એ કરેલ હુકમ પર વચગાળાની દાદ મંજુર કરતાં મહેસુલ પંચ(વિવાદ) એ કરેલ હુકમ પર સ્ટે આપેલ અને આ કામના પ્રતિવાદીઓને નોટીસ કરવાનો હુકમ કરવામાં આવેલ હતો અને તે નોટીસ આ કામના વાદીઓને બજી ગયેલ અને તેઓ ના. ગુજરાત હાઈકોર્ટમાં અપીલના કામે હાજર પણ થઈ ગયેલા તેમ છતાં ના. અદાલતમાં આ હકીકત વાદીએ છુપાવેલ છે. આ કામના વાદીએ હાલનો દાવો દાખલ કરેલ છે તેમાં તેઓએ કઈ હેસીયતથી હાલનો દાવો કરેલ છે તે બતાવેલ નથી કારણ કે, આ કામના વાદી જે જગ્યાએ રહે છે ત્યાં બીજા ઘણાં બધા ઘરો આવેલા છે અને તેમાંથી કોઈને આ કામના વાદીએ પક્ષકાર તરીકે જોડેલા નથી. આ કામે વાદીએ દાવા અરજીમાં જે હકીકત જણાવેલી છે તે મુજબ દાવાવાળી મીલકતની બાજુમાં સોસાયટી આવેલ છે અને ત્યાં ઘણાં બધાં પરીવારો રહે છે અને જો આ દાવાવાળી જગ્યાએ કબ્રસ્તાન બનાવવામાં આવશે તો લોકોના સ્વાસ્થય સાથે ચેડા થાય તેમ છે. વાદીએ આ કામે બીજા કોઈને પક્ષકાર તરીકે જોડેલ નથી જેથી વાદીના દાવાને યોગ્ય પક્ષકારોને દાવાના કામે નહી જોડેલ હોવાથી વાદીનો દાવો રદ્દ થવાને પાત્ર છે. આમ,વાદીએ દાવા અરજીમાં મહત્વની હકીકતો છુપાવેલી હોઈ તેમજ વાદીનો કોઈ પ્રાઈમાફેસી કેસ નથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં નથી તેમજ જો વાદીની તરફેણમાં મનાઈ હુકમ આપવમાં ન આવે તો વાદીને નાણાંમાં ન ભરપાઈ થઈ શકે તેવું નુકશાન જાય તેમ નથી. આમ,વાદીની હાલની મનાઈ હુકમ માંગતી આંક–૫ ની અરજી ના–મંજુર કરવા નમ્ર વિનંતી કરેલ છે.

(૬). આ અરજીના આખરી નીકાલ સારુ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

:૧: શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?

:૨: શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સનુ ધોરણ વાદીની તરફેણમાં છે ?

:૩: શું વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામા ન આવે તો નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન વાદીને જાય તેમ છે ?

:૪: શું હુકમ ?

(૭). ઉપરોકત મુદૃાના આ અદાલતના નિર્ણય નીચે મુજબ છે.
:૧: નકારમાં
:૨: નકારમાં
:૩: નકારમાં
:૪: આખરી હુકમ મુજબ

(૮). ઉપરોકત નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

**<u>મુદૃા નં.૧ થી ૩ ::–</u>**

(૯). મુદૃા નં.૧ થી ૩ ની ચર્ચા પુનરાવતર્ન ટાળવાના હેતુથી સરળતા ખાતર એક સાથે કરવામા આવેલ છે. આ કામે વાદીપક્ષે મહત્વની હકીકતો જણાવેલ છે. આ કામે વાદી દલીલમાં જણાવેલ છે કે આ કામે મે.કલેકટર શ્રી એ આ કામના પ્રતિવાદીઓની દાવાવાળી મીલકતમાં ખ્રિસ્તી કુટુંબના સભ્યના મરણ પ્રસંગે દફનવિધિ કરવા કબ્રસ્તાન બનાવવા માટે બીનખેતીમાં ફેરવવા સારૂ અરજી કરેલ હતી અને તે અરજીના અનુસંધાને કલેકટરે મામલતદાર તથા નાયબ કલેકટર તથા સર્કલ ઓફીસર,જીટોડીયા તથા જીલ્લા આરોગ્ય અધિકારી વિગેરેનાઓના અભિપ્રાયના અધારે પરવાનગી અરજી દફતરે કરેલ હતી અને તે હુકમની જાણ આ કામના પ્રતિવાદી નંબર–૧ને પત્ર દૃારા કરવામાં આવેલ હતી ત્યારબાદ આ કામના પ્રતિવાદીએ મે.કલેકટર શ્રી ને તેઓએ કરેલ અરજી સંબધે પત્ર લખેલ અને એ પત્રના અંનુસંધાને મે.કલેકટર શ્રીએ દાવાવાળી મીલકતને બીનખેતીમાં ફેરવવાનો હુકમ કરેલ અને આ કામના પ્રતિવાદીઓને પ્રીમીયમની રકમ જમા કરાવવા હુકમ કરી દીધેલ હતો જે કુદરતી સમન્યાયના સિધ્ધાંતોથી વિરૂધ્ધનો છે. આ કામે વાદી કે અન્ય કોઈનો જવાબ લેવામાં આવેલ નહતો અને ફકત ઓફીસમાં બેસીને તમામ કાર્યવાહી કરવામાં આવેલ હતી અને પ્રતિવાદીઓ તથા તેમના મળતીયા તથા સરકારી અધિકારીઓ ભેગા મળીને દાવાવાળી જમીનની બીનખેતીની પરવાનગી મેળવેલ છે. આ કામે પ્રતિવાદી પક્ષે પાછળથી જીલ્લા આરોગ્ય અધિકારીનો અભિપ્રાય મેળવેલ છે. આ કામે મે.કલેકટર શ્રી એ જે હુકમ કરેલ છે તેની સામે આ કામના વાદીએ મહેસુલ પંચ(વિવાદ), અમદાવાદનાઓ સમક્ષ અપીલ કરતાં તેમાં વાદીની અપીલ મંજુર કરવામાં આવેલ હતી અને મે.કલેકટર શ્રી આણંદનાઓએ કરેલ હુકમ રદૃ કરી

કેસને રીમાન્ડ કરેલ હતો. આ કામે વાદીપક્ષે આંક–૧૭થી લેખિત દલીલો રજુ કરેલ છે જેથી તેનું પુનરાવર્તન ન થાય તે માટે તેની વધુ ચર્ચા કરવામાં આવતી નથી. આ કામે વાદી જે મહત્વના દસ્તાવેજો પર આધાર રાખે છે તે આ કામે વાદીએ નિ.૧૬/૧ થી ૧૬/૬૨થી રજુ કરેલ છે જે વાદીએ દાવા સાથે રજુ કરેલ નથી અને પ્રથમ વખત આંક–૧૭ વાળી લેખિત દલીલ સાથે રજુ કરેલ છે. આ કામે વાદીએ આંક–૧૭થી જે લેખિત દલીલો રજુ કરેલ છે તેમાંની ઘણી હકીકતો વાદીએ દાવા અરજીમાં જણાવેલી નથી. જેથી વાદીએ હાલનો ચોખ્ખા હાથે લાવેલ છે તે હકીકત વાદી સાબિત કરી શકેલ નથી.આ કામે પ્રથમ મુદો જોવામાં આવે તો શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ? આ કામે વાદીએ દાવો ચોખ્ખા હાથે લાવેલ નથી કારણ કે વાદીએ પોતાની આંક–૧૭ વાળી દલીલોમાં જે હકીકતો જણાવી છે તે મુજબની એકપણ હકીકત વાદીએ પોતાની દાવા અરજી તથા હાલનની મનાઈ હુકમ મેળવવાની અરજીમાં જણાવેલ નથી. આ કામે મે. કલેકટર આણંદનાઓએ કરેલ હુકમ સામે આ કામના વાદીએ મહેસુલ પંચ(વિવાદ),અમદાવાદને અપીલ કરેલ છે તે હીકકત વાદીએ તેમના દાવા અરજી તથા હાલની મનાઈ હુકમ મેળવવાની અરજીમાં જણાવેલ છે અને મે.કલેકટર શ્રી આણંદનાએ કરેલ હુકમ મહેસુલ પંચ(વિવાદ),અમદાવાદનાએ રદ્દ કરેલ છે તે પણ જણાવેલ છે પરંતુ આ હુકમ સામે આ કામના પ્રતિવાદીઓએ ના.ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરેલ અને તે અપીલમાં ના.ગુજરાત હાઈકોર્ટે વચગાળાની રાહત એટલે કે મહેસુલ પંચ(વિવાદ),અમદાવાદનાએ આપેલ હુકમ ના.ગુજરાત હાઈકોર્ટે સ્ટે આપેલ છે તે હકીકત તેઓએ તેમની દાવા અરજીમાં કે તેઓએ દાવો દાખલ કર્યા બાદ હાલની અરજીની સુનાવણી પહેલા પણ જણાવેલ નથી જેથી આ કામના વાદી ચોખ્ખા હાથે પોતાનો દાવો લાવેલ નથી તેવું મારૂ માનવું છે. આ કામના વાદીએ હાલનો દાવો આ કામના પ્રતિવાદીઓ દાવાવાળી મીલકતમાં કબ્રસ્તાન ન બનાવે તે માટે દાખલ કરેલ છે કારણ કે જો દાવાવાળી જમીનમાં કબ્રસ્તાન બનાવવામાં આવશે તો આજુબાજુમાં રેહતાં લોકો તેઓના મકાન ખાલી કરીને જતાં રહેશે અથવા તો આ જગ્યાની આજુબાજુ કોઈ રહેવા આવશે નહી. પરંતુ આ કામે આજુબાજુમાં રહેતાં કોઈ રહીશને આ કામે પક્ષકાર તરીકે જોડેલ નથી. આ કામે પ્રતિવાદીઓએ મે. કલેકટર આણંદનાઓ પાસેથી દાવાવાળી જમીનનો બીન ખેતીનો હુકમ મેળવેલ છે તેની સામે આજુબાજુમાં રહેતાં ઘણાં રહીશોએ વાંધાઓ રજુ કરેલ છે અને કલેકટર સમક્ષ થયેલ કાર્યવાહીમાં અન્ય રહીશો પણ પક્ષકાર તરીકે જોડાયેલ છે તેમજ મહેસુલ પંચ (વિવાદ) તેમજ ના.ગુજરાત હાઈકોર્ટ સમક્ષની કાર્યવાહીમાં આ કામના વાદી સિવાય અન્ય પક્ષકારો પણ જોડાયેલ છે પરંતુ આ કામે વાદીએ તેઓને પણ પક્ષકાર તરીકે જોડેલ નથી. આ કામે વાદીને દાવાવાળી જમીનમાં કોઈ હકક કે અધિકાર પણ આવેલ નથી જેથી આ કામે વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી તેવું મારૂ માનવુ છે જેથી મુદ્દા નંબર–૧નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

આ કામે મુદ્દૃ નંબર–૨ જોવામાં આવે તો, શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સનુ ધોરણ વાદીની તરફેણમાં છે ? આ કામે વાદીપક્ષે જે પણ દસ્તાવેજી આધારો રજુ કરેલ છે તે જોવામાં આવે તો આ કામે દાવાવાળી મીલકત ધર્મસ્થાન માટે હતી તે હકીકત વાદી તથા પ્રતિવાદીઓએ રજુ કરેલ દાવાવાળી મીલકતના ૭ અને ૧૨ ના ઉતારાથી સાબિત થાય છે. આ કામે ધર્મસ્થાન કોને ગણવુ તે મહત્વનું નથી. પરંતુ આ કામે આ દાવાવાળી મીલકત અંગેનો દાવો અન્ય અદાલતમાં નિકાલ બાકી છે અને ના. ગુજરાત હાઈકોર્ટમાં પણ આ જ દાવાવાળી મીલકત અંગે અપીલ નિકાલ બાકી છે અને તેમાં પણ આ કામના વાદી તથા પ્રતિવાદીઓ પક્ષકાર છે. આ કામના વાદીએ હાલના દાવામાં જે દાદ માંગેલ છે તે જ પ્રકારની દાદ વાદીએ બીજા અધિક સિનિયર

સિવિલ જજની કોર્ટમાં દાખલ કરેલ દાવામાં પણ માંગેલ છે પરંતુ આ કામના વાદીએ આ હકીકત ના.અદાલતમાં દાવો દાખલ કરેલ છે તેમાં આ હકીકત જણાવેલી નથી તેમજ ના.ગુજરાત હાઈકોર્ટમાં પણ અપીલ નિકાલ બાકી છે તે હકીકત પણ વાદીએ તેમના દાવા અરજીમાં જણાવેલ નથી જેથી આ કામે બેલેન્સ ઓફ કન્વીનીયન્સનુ ધોરણ વાદીની તરફેણમાં નથી તેવું મારૂ માનવુ છે જેથી મુદ્દા નંબર–રનો જવાબ નકારમાં આપવામાં આવે છે.

આ કામે મુદ્દા નંબર–૩ જોવામાં આવે તો,શું વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામા ન આવે તો નાણાંથી  ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન વાદીને જાય તેમ છે ?. આ કામે દાવાવાળી મીલકતના વાદી માલીક નથી. આ કામના પ્રતિવાદીઓ દાવાવાળી મીલકતમાં કબ્રસ્તાન બનાવે અને મૃતદેહની દફનવિધિ દાવાવાળી મીલકતમાં કરવામાં આવે અને તેને કારણે રોગચાળો ફેલાય તેમજ સમાજમાં તંગદીલી ફેલાય અને તેના કારણે પોલીસ કેસ થાય તેવી શકયતાઓ રહેલ છે તેવી સંભવાના દર્શાવેલ છે. આ કામે પ્રતિવાદી પક્ષે જીલ્લા આરોગ્ય અધિકારીનો અભિપ્રાય રજુ કરેલ છે અને તેઓએ જણાવેલ છે કે આવો કોઈ રોગચાળો ફેલાય તેમ નથી. આ કામે વાદીએ તેમની દલીલમાં જણાવેલ છે કે આ અભિપ્રાય પ્રતિવાદીઓ અને જિલ્લા આરોગ્ય અધિકારની મેળાપીપણામાં તૈયાર કરવામાં આવેલ છે. આ કામે આ અભિપ્રાય સાચો છે કે ખોટો તે પુરાવો લીધા સિવાય નકકી કરી શકાય તેમ નથી અને હાલના તબકકે પુરાવાની ચર્ચા કરવાની રહેતી નથી  જથી આ કામે વાદીને મનાઈ હુકમ આપવામાં ન આવે તો નાણાંમાં ન ભરપાઈ શકે તેવું નુકશાન જાય તેમ નથી તેવું મારૂ માનવું છે જેથી જેથી મુદ્દા નંબર–૩નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નંબર–૪ પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## હુકમ

વાદીની હાલની મનાઈ હુકમ માંગતી આંક–૫ની અરજી ના–મંજુર કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તા.૨૫/૦૫/૨૦૧૭ના રોજ વાંચી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે.

મું.આણંદ
તા.૨૫/૦૫/૨૦૧૭

(વિપુલ અમૃતલાલ ઠકકર)
છઠ્ઠા અધિક સિવિલ જજ
આણંદ
જીજે૦૧૪૫૫